# ધોરણ ૮ અને ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતાતુરતાનો અભ્યાસ

**પરેશ જે. પટેલ**
Ph.D. **વિદ્યાર્થી,**
**ગણપત યુનિવર્સિટી,**
**ગણપત વિદ્યાનગર, ખેરવા**

## ૧. પ્રસ્તાવના

આધુનિક યુગમાં થયેલી વિવિધ ક્રાંતિકારી શોધોને કારણે માનવજીવન સરળ અને સુખમય બન્યું છે. નવા નવા સાધનો અને મશીનોની શોધોને કારણે માનવનો કાર્યબોજ પણ ઘટી ગયો છે. છતાં પણ માનવની માનસિક ચિંતાનું ભારણ ઘટાડે તેવા કોઈ મશીનની શોધ થઈ નથી. દરેક વ્યક્તિ કોઈના કોઈ ચિંતાના ભારણ હેઠળ દબાયેલો હોય છે. ઘણા મનોવૈજ્ઞાનિકો ચિંતાને બધી વિકૃતિઓના મૂળ તરીકે એટલે કે બધી વિકૃતિઓનું પ્રવેશદ્વાર માને છે. ઈ.સ. ૧૯૯૪ માં કેસ્સલરે સંશોધન કરીને તારવ્યું છે કે ૧૯ % પુરુષોમાં અને ૩૧ % સ્ત્રીઓમાં કોઈને કોઈ પ્રકારની ચિંતા હોય છે. માનવશાસ્ત્રીય પદ્ધતિના સંદર્ભમાં ફ્રોઈડના મતે પરિસ્થિતિઓની દુઃખદ અસર એટલે ચિંતા. જેમાં સાર્વત્રિક ડર, નિરાશા અને વિવિધ અસાધારણ બનાવો એ બધી લાક્ષણિકતાઓનો સમાવેશ થાય છે. આમ ચિંતા એટલે કે લાંબા સમયની ભયની લાગણીમાંથી ઉદ્ભવતી બાબત.

પરીક્ષા સમયગાળો શરૂ થાય તે દરમિયાન ઘણાબધા વિદ્યાર્થીઓની આત્મહત્યાની ઘટનાના બનાવો સમાચાર પત્રો અને ટી.વી. પર પ્રસારિત થતા જોવા મળે છે. જેમ જેમ પરીક્ષા નજીક આવતી જાય તેમ તેમ વિદ્યાર્થીઓની ચિંતા પણ વધતી જાય છે અને પરીક્ષામાં યોગ્ય પરિણામ હાંસલ નહિ કરી શકે તેવી ભીતિથી આત્મહત્યા પણ કરે છે. જો વિદ્યાર્થીઓની ચિંતાના કારણો જાણી તે માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો વિદ્યાર્થીઓની આત્મહત્યાનું પ્રમાણ ઘટાડી શકાય છે. જેના ભાગરૂપે ધી યુનિયન હાઈસ્કૂલ અને શ્રીમતી એમ. સી. એસ. પટેલ ઉ. મા. શાળા, લાંઘણજ, મહેસાણાના ‘‘ધોરણ ૮ અને ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતાતુરતાનો અભ્યાસ’’ હાથ ધરવામાં આવ્યો હતો.

## ૨. અભ્યાસનું મહત્ત્વ

૧. શાળાના શિક્ષકો અને આચાર્યો વિદ્યાર્થીઓ પરીક્ષા સમય દરમિયાન કેટલી ચિંતા અનુભવે છે તે જાણી શકશે.
૨. માતા - પિતાને પોતાના બાળકો પરીક્ષા દરમિયાન કેટલી ચિંતા અનુભવે છે તે જાણવામાં મદદરૂપ બનશે.
૩. વિદ્યાર્થીઓ પરીક્ષા સમયગાળા દરમિયાન પોતાની પરીક્ષા સંબંધિત ચિંતા જાણી શકશે.

૪. પ્રસ્તુત અભ્યાસથી વધારે ચિંતા ધરાવતા બાળકોને અલગ તારવી તેમના માટે ચિંતા ઘટાડવાના કાર્યક્રમો ઘડવાની શિક્ષકો, આચાર્યો અને સરકારને પ્રેરણા મળશે.
૫. પ્રસ્તુત અભ્યાસ સરકારને પરીક્ષા સંબંધિત નિર્ણયો લેવામાં મદદરૂપ બનશે.

**૩. અભ્યાસના હેતુઓ**

૧. ધોરણ ૮ અને ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓની ચિંતા પર જાતિયતાની અસર તપાસવી.
૨. ધોરણ ૮ અને ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓની ચિંતા પર ધોરણની અસર તપાસવી.

**૪. અભ્યાસની ઉત્કલ્પનાઓ**

$H_{O1}$ કુમારો અને કન્યાઓના પરીક્ષા ચિંતા સંશોધનિકા પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H_{O2}$ ધોરણ ૮ના કુમારો અને ધોરણ ૧૦ના કુમારોની પરીક્ષા ચિંતા સંશોધનિકા પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H_{O3}$ ધોરણ ૮ની કન્યાઓ અને ધોરણ ૧૦ની કન્યાઓના પરીક્ષા ચિંતા સંશોધનિકા પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H_{O4}$ ધોરણ ૮ના કુમારો અને કન્યાઓની પરીક્ષા ચિંતા સંશોધનિકા પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H_{O5}$ ધોરણ ૧૦ના કુમારો અને કન્યાઓની પરીક્ષા ચિંતા સંશોધનિકા પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**૫. અભ્યાસની મર્યાદાઓ**

૧. પ્રસ્તુત અભ્યાસ ધી યુનિયન હાઈસ્કૂલ, લાંઘણજના ધોરણ ૮ અને ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવીને ચિંતાનું માપન કરવામાં આવ્યું હતું, જેથી અન્ય શાળાના કે અન્ય ધોરણો પર તેનાં તારણો લાગુ પાડી શકાશે નહિ.
૨. પ્રસ્તુત અભ્યાસ માત્ર ગુજરાતી માધ્યમની શાળા પર કરેલ હોવાથી તેના તારણો અંગ્રેજી, હિન્દી કે અન્ય માધ્યમની શાળાઓના વિદ્યાર્થીઓ પર લાગુ પાડી શકાશે નહિ.
૩. પ્રસ્તુત અભ્યાસ ગ્રામ્ય વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓ પર કરેલ હોવાથી તેનાં તારણો શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ પર લાગુ પાડી શકાશે નહિ.

**૬. અભ્યાસના ચલો**

| ક્રમ | ચલ | ચલના પ્રકાર | કક્ષાઓ ની સંખ્યા | કક્ષાઓ |
|---|---|---|---|---|
| ૧ | જાતિયતા | સ્વતંત્ર | ૨ | ૧. કુમાર<br>૨. કન્યા |
| ૨ | ધોરણ | સ્વતંત્ર | ૨ | ૧. ધોરણ ૮<br>૨. ધોરણ ૧૦ |
| ૩ | પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકો | પરતંત્ર | - | -- |

**૭. અભ્યાસનું વ્યાપવિશ્વ અને નિદર્શ**

***૭.૧ વ્યાપવિશ્વ***

વર્ષ ૨૦૧૪-૧૫માં મહેસાણા તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

***૭.૨ નિદર્શ***

ધી યુનિયન હાઈસ્કૂલ, લાંઘણજના ધોરણ ૮ના ૫૦ અને ધોરણ ૧૦ના ૫૧ વિદ્યાર્થીઓ એમ કુલ મળીને ૧૦૧ વિદ્યાર્થીઓનો પ્રસ્તુત સંશોધનમાં નિદર્શ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૮. અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૯. અભ્યાસનું ઉપકરણ**

ડૉ. પિનલબેન ગોરડિયા રચિત ‘‘પરીક્ષા અંગે હું શું અનુભવું છું’’ નામની પરીક્ષા ચિંતા સંશોધનિકા.

**૧૦. માહિતી એકત્રીકરણની પ્રયુક્તિ અને પૃથ્થકરણની રીત**

પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓની ચિંતાનું માપન કરવાનું હોવાથી ધી યુનિયન હાઈસ્કૂલ લાંઘણજના આચાર્યશ્રી પાસેથી પરવાનગી મેળવી ધોરણ ૮ અને ધોરણ૧૦ના વિદ્યાર્થીઓ પાસેથી ચિંતા સંશોધનિકા ભરાવી જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. ધી યુનિયન હાઈસ્કૂલ, લાંઘણજના ધોરણ ૮ અને ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ પાસેથી ચિંતા સંશોધનિકા ભરાવી અને તેમણે મેળવેલ પ્રાપ્તાંકોના આધારે તેની સરાસરી, મધ્યસ્થ, પ્રમાણવિચલન અને ઉત્કલ્પનાની ચકાસણી માટે t-કસોટીના આધારે મેળવેલ માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**૧૧. અભ્યાસનાં તારણો**

૧. કુમારો અને કન્યાઓ સમાન પરીક્ષા ચિંતા ધરાવતા હતા.
૨. ધોરણ ૮ના કુમારો અને ધોરણ ૧૦ના કુમારોમાં સમાન પરીક્ષા ચિંતા ધરાવતા હતા.
૩. ધોરણ ૮ની કન્યાઓ કરતા ધોરણ ૧૦ની કન્યાઓ વધુ પરીક્ષા ચિંતા ધરાવતી હતી.
૪. ધોરણ ૮ના કુમારો અને કન્યાઓમાં પરીક્ષા ચિંતા સમાન જોવા મળી હતી.
૫. ધોરણ ૧૦ના કુમારો અને કન્યાઓમાં પરીક્ષા ચિંતા સમાન જોવા મળી હતી.
૬. બે વિદ્યાર્થિનીઓ અને એક વિદ્યાર્થી વિશેષ પરીક્ષા ચિંતા ધરાવતો હતો.
૭. એક વિદ્યાર્થી અતિવિશેષ પરીક્ષા ચિંતા ધરાવતો હતો.
૮. એક વિદ્યાર્થી સૌથી વધુ પરીક્ષા ચિંતા ધરાવતો હતો.

**સંદર્ભસૂચિ**

૧. ઉચાટ, ડી. એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (પ્રથમ આવૃતિ). રાજકોટ : શાન્ત, ૩-ટાગોર નગર, અમીન માર્ગ પાસે.

૨. પટેલ, આર. એસ. (૨૦૦૮). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ. અમદાવાદ : જય પબ્લીકેશન.
૩. પટેલ, એમ. (૨૦૦૧). અસાધારણ મનોવિજ્ઞાન. (૫મી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
૪. સિંહ, એ. કે. (૧૯૮૮). ઉચ્ચતર સામાન્ય મનોવિજ્ઞાન. દિલ્હી : મોતીલાલ બનારસીદાસ.
૫. શાહ, ડી. બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.